# ઓએનજીસીની ટ્રંક લાઈનમાંથી થતી ક્રુડ ઓઈલ ચોરીનો પર્દાફાશ

## ગાંધીનગર આરઆરસેલે ૧૦.૩૨ લાખના મુદ્દામાલ સાથે એકને પકડી પાડ્યો : જ્યાંથી લાઈન પસાર થાય છે તે ફાર્મ હાઉસના માલીકની સંડોવણી ખુલી



ગાંધીનગર, તા. ૧૬

ઓએનજીસીની ટ્રંક લાઈનમાંથી મોકલાતા ક્રુડ ઓઈલની પાઈપમાં પંચર પાડી મોટર વડે ક્રુડ ઓઈલના જથ્થાની થતી ચોરીનો ગાંધીનગર આરઆરસેલે પર્દાફાશ કર્યો છે. કલોલ શહેર ટી.પી. રોડ નં. ૩, ઓલા જંકશન પાસે આવેલા ગોમતીબા ફાર્મહાઉસમાં દરોડો પાડી એક સાગરીતને ચોરી કરવાના સાધનો સાથે દબોચી લેવાયો છે.


ફાર્મહાઉસના માલીક સહિત ચારના નામ આ ગુનાની સંડોવણીમાં બહાર આવ્યા છે. આર.આર.સેલે નીતિન ઉર્ફે પીન્ટુ નાયક નામના શખ્સની રૂ. ૧૦,૩૨ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ ઊંડી પુછપરછ શરૂ કરી છે.

મહેસાણા તથા ગાંધીનગર જિલ્લામાં ઘણી જગ્યાએ ઓએનજીસીની ઓઈલની પાઈપલાઈનો આવેલી છે. આ લાઈનમાં પંચર પાડીને ઓઈલ ચોરીના ગુનાઓ સંખ્યાબંધ વાર બન્યા છે. રેન્જ આઈજીપી મયંકસિંહ ચાવડાની સુચનાથી તેમની ટીમ આ પ્રકારની ચોરી અટકાવવા સક્રીય છે. ત્યારે કલોલ શહેરમાં ગોમતીબા ફાર્મ હાઉસમાં દરોડો પાડી ક્રુડ ઓઈલની ચોરી કરતી ગેંગના એક સાગરીત નીતિન ઉર્ફે પીન્ટુ નાયકને દબોચી લીધો છે. કલોલ કલ્યાણપુરાના પીન્ટુની ધરપકડ કરી રૂ. ૧૦,૩૨,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પુછપરછ કરતા બહાર આવ્યુ છે કે ઓએનજીસીની ટ્રંક લાઈન આ ફાર્મહાઉસમાંથી પસાર થતી હતી. જેને ફાર્મહાઉસના માલીક ઈશ્વર અંબાલાલ પટેલ (રહે. કલ્યાણપુરા), પાટણના સીકંદર દાદામીયા સોલંકી અને મહેસાણાના ઘનશ્યામ ઉર્ફે જેણીયો સોનીએ સાથે મળીને ષડયંત્ર રચીને ઓઈલ ચોરી કરતા હતા. જે ટ્રેક્ટરમાં ચોરેલા ઓઈલના બેરલો લઈ જવાતા હતા તે મુદ્દામાલ ઉપરાંત પીવીસીની પાઈપો, મોટર પંપ, ક્લેમ્પ વાલ્વ સહીત પાના-પક્કડ જેવો મુદ્દામાલ પણ જપ્ત કરી ઊંડી પુછપરછ શરૂ કરવામાં આવી છે.





## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સંભળાતું બંધ થાય જ ને ??... ઉતરાયણમાં આંખ માટે ગોગલ્સ, હાથની આંગળી માટે ટેપ, બાઈકમાં દોરા માટે સેફટી ગાર્ડ લગાવો છો... અને કાનનું વિચાર્યા વગર ડીજે સાઉન્ડ વગાડ્યો રાખો છો...**

## કોબા ખાતે ૨૬મીએ ગ્રીન કિતાબ એસ્ટ્રો કેમ્પ

ગાંધીનગર સ્થિત ગ્રીન કિતાબ એસ્ટ્રો સ્પિરિચ્યુઅલ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર નજીક કોબા ખાતે જુદા જુદા આધ્યાત્મિક તાલીમ વર્ગો માઈન્ડ પાવર યોગા, મની માઈન્ડશકિતપાત, ટોટલ બોડી-માઈન્ડ હીલીંગ યોગા જેવા મેડીટેશન, યોગા, કુન્ડલીન જાગરણ, પિરામીડ થેરાપી, એસ્ટ્રોલોજી, વાસ્તુ વિગેરે વિષય આધારીત તાલીમ વર્ગ અવારનવાર રવિવારે યોજવામાં આવે છે. જે માટે લાભાર્થી માટે કોઈ પણ ચાર્જ લેવામાં આવતો નથી. ૨૬મી જાન્યુઆરી શુક્રવારના રોજ સવારે ૭ થી ૮ માઈન્ડફુલનેશ મેડીટેશન તથા ૮.૩૦ થી ૧૦ કલાક દરમિયાન એસ્ટ્રો ફેસ્ટનું આયોજન કરવામાં આવેલ છે.

# રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા જીગ્નેશ મેવાણીને ‘વાય’ કેટેગરીની સુરક્ષા આપવા આવેદનપત્ર

### જીગ્નેશ મેવાણી અને ચંદ્રશેખર આઝાદ સામે થયેલા કેસ તાત્કાલિક ધોરણે પાછા ખેંચવા રજુઆત

ગાંધીનગર, તા. ૧૬

વડગામ ધારાસભ્ય અને દલિતોનો રાષ્ટ્રીય અવાજ બનેલા જીગ્નેશ મેવાણીએ બૂટલેગરો સામે લડત માંડી છે. જીગ્નેશ તરફથી સરકારની ઝાટકણી કાઢતાં ભાષણો પણ અવારનવાર સાંભળવા મળે છે. જીગ્નેશ મેવાણી તથા ઉત્તરપ્રદેશમાં દલિત દમનનાં વિરોધમાં સંઘર્ષ કરી રહેલા ચંદ્રશેખર આઝાદની વિરૂદ્ધમાં કેસ પણ કરવામાં આવ્યા છે. સરકાર તરફથી તાત્કાલિક ધોરણે આ કેસ પાછા ખેંચવામાં આવે તેમજ જીગ્નેશ મેવાણીને ‘વાય’ કક્ષાની સુરક્ષા આપવામાં આવે તે માટે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા સરકારને જણાવાયુ છે કે, જીગ્નેશ મેવાણી દ્વારા જે રીતે સમાજના કુરિવાજો અને નકલી રાષ્ટ્રવાદના પ્રમાણપત્રોનું વિતરણ કરતાં લોકો વિરૂદ્ધ અવાજ ઉઠાવવામાં આવ્યો છે અને દલિત સમાજ પર વર્ષોથી થઈ રહેલા અત્યાચારો અને સામાજીક પ્રણાલીઓને પડકારવામાં આવી રહ્યા છે એ જોતા શોશિયલ મીડિયામાં અને વ્યક્તિગત રીતે જીગ્નેશ મેવાણીના ફોન પર મેસેજ અને ફોન આવી રહ્યા છે અને હુમલાની ભરપૂર શક્યતાઓ વચ્ચે જીગ્નેશના જીવને જોખમ છે.

રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે કે જીગ્નેશ મેવાણી સામે ખોટા કેસ કરીને કનડગત કરવામાં આવી રહી છે, અને ચંદ્રશેખર આઝાદ સામે પણ રાજકીય કિન્નાખોરી રાખીને રાષ્ટ્રીય સુરક્ષા ધારા મુજબ જેલમાં પુરી રાખવામાં આવ્યા છે, અને ખોટા કેસ કરીને અવાજ દબાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

દેશમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની અને નાગરિકોને સુરક્ષા પુરી પાડવાની જવાબદારી સરકારની છે. જીગ્નેશ મેવાણીને જે રીતે અભદ્ર ભાષામાં ધમકીભર્યા ફોન તથા મેસેજ આવી રહ્યા છે, તે જોતા રાષ્ટ્રીય દલિત અધિકાર મંચે સરકાર સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરી છે કે ચંદ્રશેખર આઝાદ અને જીગ્નેશ મેવાણી સામે કરવામાં આવેલા તમામ કેસ પાછા ખેંચવામાં આવે અને જીગ્નેશ મેવાણીને વાય કેટેગરીની સુરક્ષા પુરી પાડવામાં આવે. ગાંધીનગર જિલ્લાના દલિત સમાજના નાગરિકો દ્વારા સરકારને ઉપરોક્ત માંગણીઓ માટે આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

# ગ-૧ પાસે વૃક્ષની ડાળી પર દોરીમાં ફસાયેલા કાગડાને બચાવાયો

### ફાયર-વન વિભાગની ટીમ કામ કરી રહી હતી તે દરમિયાન એક યુવાને વૃક્ષ પર ચડીને કાગડાને નવજીવન બક્ષ્યું

ઉતરાયણ પર્વ પશુ-પક્ષીઓ માટે આફતરુપ બની રહે છે. આકાશમાં મુકતમને વિહરતા પક્ષીઓને પતંગની દોરી વાગતા ઘાયલ થાય છે. કોઈ પક્ષીને ગળાના ભાગે તો કોઈને પાંખમાં દોરી ફસાઈ જતા પક્ષી ઘાયલ જાય છે. ત્યારે ઉતરાયણ બાદ પણ ઝાડમાં ફસાઈ રહેલી દોરી પક્ષીઓ માટે ઘાતક નીવડે છે. આજે સવારના સુમારે ગ-૧ પાસે એક મોટા તોંતિગ ઝાડની ટોચ પર કાગડાની પાંખમાં દોરી ફસાઈ જતા કાગડાને ઈજા પહોંચી હતી. કાગડો બચવા માટે હવાતીયા મારી રહ્યો હતો. કાગડાની પાંખમાં દોરી ફસાઈ તે જગ્યાએ પહોંચવુ અશક્ય સમાન હતું. સ્થાનિક નાગરીકો પણ દોડી આવ્યા હતા અને બચાવ માટે તાત્કાલીક વિવિધ સેવાભાવી સંસ્થાઓ, ડોક્ટર, ફાયર બ્રિગેડ, વનવિભાગને પણ જાણ કરતા તમામ તંત્ર થોડીવારમાં કાગડાને બચાવવા માટે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમ અને વનવિભાગના કર્મચારીઓ લાંબા વાસથી બચાવ માટે પ્રયત્નો કરી રહ્યા હતા. ત્યારે અચાનક એક નવ યુવાન ત્યાં દોડી આવ્યો હતો અને ઝાડની ટોચ પર ગણતરીની મિનિટોમાં પહોંચીને કાગડો જે ડાળી પર ફસાયો હતો. તે ડાળી ધીમેથી તોડીને કાગડાની પાંખમાંથી દોરી નીકાળી લીધી હતી. કાગડાને સારવાર માટે નીચે લાવવા મથામણ કરી રહ્યા હતા તે દરમિયાન સ્વસ્થ જણાતા અને નવજીવન મળતા કાગડો આકાશમાં ઉડી ગયો હતો.

